AWARENESS IS INFINITE TREASURE

TRACE IT TRY IT TRUST IT

"જાગૃત જીવન જીવવાની કળા" પરિપત્ર શ્રેણીઓ આપના સ્વર્ગ નિર્માણ માટેના ફ્રી અને પ્રયત્ન વિહીન માર્ગો સાથે એક જ સંતાન વાળા પરિવારના ૭૦ ફાયદાઓ

ભૂખમરો પાણીની અછત વણઉકલી નિરક્ષરતા સદાય વધતી જતી હિંસા, પ્રાંતીય વિવાદો, અસુખ, સ્પર્ધા, પ્રદુષણ... અમર્યાદિત સમસ્યાઓનુ મુળ કારણ વિશ્વની વધતી જતી વસ્તી છે. વસ્તી નિયંત્રણ કરવાની જવાબદારી માત્ર જે તે વ્યકિતગત સરકારોની નથી પણ દેશના પ્રત્યેક સુસંસ્કૃત નાગરિકની વ્યકિતગત જવાબદારી છે. કોઈપણ પરિવારની સાચી શકિત તેના સભ્યોની સંખ્યા કરતા નાણાંકિય શકિત છે.

અત્રે પ્રસ્તુત છે નવદંપતી માટે ધરતી પર સ્વપ્ન વિહોણા સ્વર્ગના નિમાર્ણ માટે આશ્ચર્યજનક ઉપાયો તદ્દન મફત નાનમાં નાના પરિવાર જેમ કે, એક બાળક વાળા પરિવારને અપનાવીને.

<u>સંતાનને ફાયદા</u> : આપ આપના એક માત્ર સંતાનનું પાલન–પોષણ આપના સ્વપ્નોને અનુરૂપ સર્વોત્તમ રીતે કરી શકો છો. તે આપના સંતાનને અવળે માર્ગે જતા રોકશે. કારણ કે, પરીવારનું સંપૂર્ણ ધ્યાન તેના પર હશે. જો યુવાન માતા–પિતા પૈકી કોઈ એક સાથે કાંઈ અઘટિત થશે તો બચેલ તેનો ઉછેર ન્યુનતમ બોજ સાથે કરી શકશે. સંજોગોવશ બંન્નેનું અવસાન થાય તો કોઈપણ સગા–સ્નેહી એકલવાગાની સાર–સંભાળ રાખી શકશે. કોલેજોમાં બેઠકો, અનામત રાખવાની, ઓછી વસ્તીને કારણે પ્રત્યેકને પર્યાપ્ત તકો પ્રાપ્ત થવાથી નોકરીઓમાં વિભિન્ન વર્ગો માટે અનામત રાખવાની જરૂર રહેશે નહી. બેકારીની સમસ્યા રહેશે નહીં. એકલો સંતાન જો સારી નોકરીની તક મેળવી શકશે નહીં તો તે તેના માતા–પિતા / સાસરીયાનો ધંધો સંભાળી શકશે. લગ્ન માટેની પસંદગીમાં તે એક માત્ર સંતાન હોવાને કારણે તેની માંગ ખુબ રહેશે. બાળ મૃત્યુનો દર મહત્તમ નીચો સાર સંભાળને કારણે આવશે. નકામમ સંતાનની અવગણના નહીં ઉદભવે.

<u>માતા– પિતાને ફાયદા</u> : આપના એક માત્ર સંતાનની આપના પ્રત્યેની પૂર્ણ જવાબદારી હોવાની માન્યતાને લીધે વૃધ્ધાવસ્થામાં તેના ટેકાની ખાતરી રહેશે. વૃધ્ધાવસ્થાના જીવન સ્તરમાં સુધારો થશે.જો છેવટે કોઈ યુગલ છુટા–છેડા ઈચ્છશે,બન્ને ને એક માત્ર પ્રેમાળ બાળક જોઈતું હોવાથી તે છુટા–છેડા થતા રોકશે અને સદા માટે પરિવારને અવિભકત રાખશે. એક માત્ર સંતાન હોવાને કારણે કદાચ પક્ષથી છુટા થયેલા યુગલને એક પણ કરે.

<u>પિતાને ફાયદા</u> : આપ આપની પત્ની ના સ્વપ્નો પરિપૂર્ણ કરી શકો.આપ આપની પારિવારિક જવાબદારીઓમાંથી વહેલા મુકત થઈ શકો જેથી આપ આપનુ નિવૃત જીવન ઉમદા સમાજ સેવામા અર્પણ કરી શકો.

<u>માતાને ફાયદા</u> : ગૃહીણીના દિન–પ્રતિદિન ના ગૃહ સંભાળના કાર્યમા ઘટાડો.માતાના વહેલા પરવારી જવાથી તે ઘરની આર્થિક સ્વતંત્રતા માટે કે વધારાની આવક માટે નોકરી કરી શકે.એક માત્ર સંતાનના અભિગમથી સ્ત્રીને પણ સમાન સંપતિ આપ મેળે મળે.સ્ત્રી ને અસહનીય સુવાવડની પીડામાંથી પસાર થવુ ન પડે.સગર્ભા માતાની પ્રેમાળ કાળજીને લીધે માતાનો મૃત્યુ દર નીચો આવે.એક સુવાવડને કારણે સ્ત્રીઓની તંદુરસ્તી સલામત રહે

<u>પરિવારને ફાયદા</u> : આપના પરિવારને કદાપી ભૂખમરાનો સામનો નહી કરવો પડે. આપની પેઢીઓ નિરક્ષરતાથી પીડાશે નહી. ચેતવણી સુચક પાણીની અછતની પરિસ્થિતીમા આપની પાણીની સમસ્યા ઓછી રહેશે.પરિવાર મહતમ એકલતાનો આનંદ માણી શકશે,શાંતિ સાથે સાથે મહતમ નવરાશ. સમગ્ર પરિવાર જનો તેમના સ્વપ્નો સંતોષાતા સરળ તથા આનંદી જીવન માણી શકશે.માતા–પિતા પારિવારિક જવાબદારીઓમાંથી વહેલા મુકત થઈ શકશે.પરિવારમાં તણાવ સદંતર નહીવત થતાં પરિવાર જનો શાંતિપૂર્ણ અને દિર્ઘાયુષ્ય ભોગવશે. પારિવારિક મતભેદો ઘટવાથી એક સંતાન વાળો પરિવાર સર્વ મધુર પરિવાર બની રહેશે. એક સંતાનવાળો પરિવાર સમાજમા વિશેષ દરજ્જો ભોગવશે કોઈ પણ અઘટિત કિસ્સામા બચી ગયલ જનકનુ પુનઃલગ્ન આસાન બનશે ને તણાવ,ચિંતાઓ, દબાણ,બોજ ઘણી રીતે ઘટાડશે.જો કદાચ માતા–પિતા બંન્નેને કાંઈ થઈ જશે તો બચી ગયેલ સંતાનની જવાબદારી તેના કોઈ પણ સગા લઈ લેશે.દહેજને લગતી સમસ્યાઓ જેવી કે કજીયા કંકાસ મૃત્યુ, યુગલોની જુદાઈ વિગેરે ખુબ જ ઘટી જશે. સાસુ–વહુના વિવાદો આપ મેળે અદ્રશ્ય થઈ જશે. પ્રત્યેક વ્યકિત ખુબ જ સુખી અને સમૃધ્ધ સંયુકત પરિવારમા રહેવાના સ્વપ્નો જોવા લાગશે જે ઘણા બધા પરિવારોમા અશકય છે.જયારે એક સંતાનવાળા પરિવારમાં તમારુ એક નુ એક સંતાનને વ્હાલસોયા માતા–પિતાની જરૂર હોવાથી સંયુકત પરિવારમાં રહેવાનુ શકય છે.સરખામણીમા આપની પાસે ઓછી જવાબદારીઓ હશે.જે આસાનીથી પરિપૂર્ણ થઈ શકશે. વધારે સંતાનોની સરખામણીએ એક જ સંતાનવાળા પરિવારને મહતમ ફાયદા પ્રાપ્ત થશે.

<u>રહેઠાણના ફાયદા</u> : આપની સરખામણીએ નાનામાં નાનાં રહેઠાણની જરૂર પડશે. આપને આપનાં નાનાં નિવાસ માટે નાના બજેટની જરૂર હોવાની. આપ આપના રહેઠાણનું આયોજન ખુબ વહેલું કરી શકશો. એક માત્ર સંતાનને લીધે આપને વધુ એક મકાન બાંધવાની જરૂર રહેશે નહિ.

<u>સંપત્તિને લગતાં ફાયદા</u> :આપને વસીયત કરવાની જરૂર રહેશે નહિ. સંયુકત બેંક ખાતા, સંયુકત શેર સ્ટોકનાં રોકાણો માટે નિયુકિતની જરૂર રહેશે નહિ. કદાચ જો કોઈ એકનું મૃત્યુ થઈ જાય તો અન્યને લાંબા કંટાળાજનક કાયદાકીય પ્રક્રીયાઓનો સામનો કરવાની જરૂર ન રહેતાં સમય અને

નાણાંકીય ખર્ચાની બચત થશે. ચલ અને અચલ સંપત્તિ ભવિષ્યની આપત્તિ નિવારવા આસાનીથી ૩ સંયુકત નામે નોંધણી કરી શકાશે. એક સંતાનવાળા પરિવારને સંપત્તિ પેઢી દર પેઢી ગુણાત્મકરીતે વધતી જશે.

<u>સમાજને ફાયદા</u> : વસ્તી નિયંત્રણને કારણે પ્રદુષણ ઘટવાથી તમને તાજી હવા તથા દિર્ઘાયુષ્ય પ્રાપ્ત થશે. સચોટપણે અપંગ સંતાનોનાં જન્મને ઘટાડશે. એક સંતાનનાં અભિગમથી સ્તનપાનને પ્રોત્સાહન મળતાં શારીરિક લાગણીશીલ, માનસિકરીતે મજબુત સમાજ રચાશે. જેમ–જેમ માનવ મુલ્યો વધતાં જશે તેમ–તેમ ગુનાખોરીનો દર નીચો આવશે. ચેતવણી સુચક ઘટી રહેલો બાળકીઓનો જન્મ પુનઃ સામાન્ય થઈ જશે. અક્ષરજ્ઞાનને પરિણામે બુધ્ધીશાળી સર્જનાત્મક અને વૈજ્ઞાનિક સમાજ આકાર લેશે. પરોપકારી પ્રવૃત્તિ વધશે. ઘણી સામાજીક સમસ્યાઓ જેવી કે, બાળ મજુરી, બાળ વિવાહ, ભિક્ષાવૃત્તિ વિગેરે નીકળી જશે. આથી ભૂખમરો, ગરીબી, હિનતા, સામુહિક આત્મહત્યા જડમુળથી નાબૂદ થશે. ગરીબી અને ભુખમરાને લીધે પરાણે થતી વેશ્યાવૃત્તિ દેહ વેપાર ઘટશે.

<u>આરોગ્ય અને સુખ–સમૃધ્ધિનાં ફાયદા</u> : સંક્રાત્મક રોગોનું જોખમ ઘટતાં નાનો પરીવાર સ્થિર આરોગ્ય માણશે. ટુંકા ગાળાની સુચનામાં પ્રવાશ ઉજાણીનાં આયોજન માટે મહત્તમ આવકાર મળશે. ઓછા ખર્ચાને લીધે તમો વધુ પ્રવાસ અને ઉજાણી કરવા સક્ષમ થઈ શકશો.

<u>આર્થિક ફાયદા</u> : એક માત્ર સંતાનવાળા પરીવારને અધિકતમ ફાયદા થાય છે. ખર્ચાની જરૂર ઓછી થતાં તમે બચત વધારી શકશો. તમને નાણાંકીય અને માનસિક સ્વતંત્રતા મળશે. માત્ર પ્રેમ અને વાત્સલ્ય તમારા પરિવારમાં પ્રવર્તશે. તુલનાત્મકરીતે તમારો વાહન વ્યવહાર થતાં સંદેશા વ્યવહારનો ખર્ચ ઘટશે. જો પરિવારની કમાતી વ્યકિત એક મોટી રકમનો વીમો કરાવી લે તો તેના અચાનક અવસાન પરીવારનાં અન્ય સભ્યો કોઈપણ આર્થિક સમસ્યા વિના જીવન વ્યવહાર ચલાવી શકશે.

<u>દેશને ફાયદા</u> : પ્રાદેશિક વિવાદો સંબંધી તોફાનો ઘટશે. અલ્પ વિકસિત દેશો વિકસિત દેશો તરીકે વિકસસે. સરકારોને કરોડો રૂપિયાનું આંધણ પરિવાર નિયોજનનાં કાર્યક્રમ પાછળ કરવાનું રહેશે નહિ. પરિણામે શિક્ષણ, આરોગ્ય અને ગુના નિયંત્રણ જેવા માળખાકીય ખર્ચમાં ઘટાડો થશે.

<u>વિશ્વને ફાયદા</u> : એક બાળકવાળું મધુર પરિવાર અતિ હળવા ભાર અને ઓછામાં ઓછી તકલીફ સાથે પ્રત્યક્ષ રીતે વિશ્વની વધતી જતી વસ્તીને ઓછી કરવામાં ફાળો આપશે. જે વિશ્વ શાંતિનાં સાશ્વત સ્વપ્ત તરફ દોરી જશે.

| શ્રી મીશનનાં ઉદ્દેશ્યો | ભેટ રૂપે મળતાં ફાયદા |
|---|---|
| નાનામાં નાનાં પરિવારનો સ્વીકાર | આપના સ્વપ્નાનું સ્વર્ગ વિના મુલ્યે બનાવો |
| ભૂખમરો નાબુદી | ખર્ચ બચાવો અને આરોગ્ય સુધારો |
| નિરક્ષરતા નાબુદી | જીવન લક્ષ્ય માટે દીપક દેખાડે |
| ધ્યાનની તાલીમ | આપના મનને પ્રવીણ બનાવે |
| કુટેવોને તિલાંજલી | જીવનમાં અણધારી આફતો અટકાવે |
| સાદા જીવનની આદત | અર્થ સભર જીવનનું રહસ્ય |
| ભયંકર વિપત્તીઓ સામે સંઘર્ષ | અમુલ્ય જીવન અને સંપત્તિનો આફતોમાંથી બચાવ |
| સ્વયં શિસ્તનું પાલન | જીવનનો અબાધિત બદલાવ |
| યુધ્ધને તિલાંજલી | વિશ્વને એક સુત્રમાં બાંધવું |
| અહિંસાનું પાલન | પ્રેમ અને શાંતિ ફેલાવવી |

<u>અગમ ચેતવણી</u> : એક માત્ર બાળકવાળું પરીવાર પોતાની આસપાસ વિના મુલ્યે સમૃધ્ધ સ્વર્ગનું નિર્માણ કરે છે. જે બધાંને માટે ખાસ કરીને ગરીબો માટે વરદાન છે. એક બાળકવાળું પરીવાર પોતાની સ્થિતિ યથાવત જાળવી રાખે છે. (એક બાળક વાળા પરીવારને લાભ / બીજું બાળક કયારે તેની વિસ્તૃત જાણકારી માટે અમારી વેબ સાઈટ મફત નીહાળો) જયારે બે થી વધારે બાળકો વાળું પરિવાર સ્વયં જ આફતો નોતરનાર પરિવાર બની જાય છે. હવે આપ જ શાણપણથી નિર્ણય કરો કે આપ આપનાં પરિવારમાં કેટલા બાળકો ઈચ્છો છો.

સ્થાપક : શ્રી કે. કે. મુર્તિ, અધ્યક્ષા : શ્રીમતી કે. પ્રમીલા, શ્રી મિશનની વિસ્તૃત જાણકારી માટે અમારી વેબ સાઈટ : www.srimission.org, ઈ–મેલ આઈ.ડી. : srimission@vsnl.net, સરનામું : શ્રી મિશન, ૭ મો બ્લોક, એચ.એમ.ટી. લે આઉટ, વિધારન્યપુરા, બેંગ્લોર –560097, ફો. નં. : 91-80-23641839 .

---

જાગૃત જીવન જીવવાની કળા તરફથી ભેટ :

રસ ધરાવતી વ્યાપારિક સંસ્થા / વ્યકિત ઉપરોકત સંદેશને આમ જ આપના વ્યાપાર / સંદેશ આ ખાનામાં મુદ્રિત કરી શકે છે. મહેરબાની કરીને તેની એક નકલ શ્રી મિશનને રેકોર્ડ માટે મોકલી આપો.